| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૫/૦૮/૨૦૨૦ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૭૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૪/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૮ | ૦ | ૧૦૩૫૮ | ૧૬૪૨૮ | ૧ | ૧૬૪૨૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૬ | ૧ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૪૦ | ૯ | ૧૪૦૪૯ | ૧૪૬૩૬ | ૧૯ | ૧૪૬૫૫ |
| કુલ | | ૨૮૭૭૮ | ૧૦ | ૨૮૭૮૮ | ૩૭૧૨૯ | ૨૦ | ૩૭૧૪૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪ | ૭,૯૬,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧૨ | ૨,૧૨,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :

## કોમ્બીંગ નાઇટ રાઉન્ડ દરમ્યાન ચોરીના બે મોબાઇલ ફોન સાથે બે ઇસમોને ઝડપી લઇ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ

અમદાવાદ શહેરમાં સ્વતંત્ર દિવસની ઉજવણી સંદર્ભે સુરક્ષા વ્યવસ્થા સુનીશ્ચીત કરવા તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી સામાન્ય રહે તે માટે તકેદારીના ભાગ રૂપે મહે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તરફથી કોમ્બીંગ નાઇટ રાઉન્ડનુ આયોજન કરેલ હોય જે આધારે અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ સાહેબ નાઓ તરફથી અસરકારક કામગીરી કરવા અને મિલકત સંબંધી ગુનાઓ શોધી કાઢવા/અટકાવવા સારૂ આપેલ સુચના અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૨ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી નાઓની સુચનાથી સર્વેલન્સ સ્કોડ ASI શ્રી રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ASI શ્રી રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ તથા PC સંદીપકુમાર નટવરલાલ બ.નં.૮૭૯૮ તથા PC મોઘજીભાઈ વિરમભાઈ બ.નં.૮૩૦૨ નાઓને ખાનગીરાહે સંયુક્ત બાતમી હકીકત મળેલ કે "સાબરમતી અચેરગામથી બે ઇસમો ચાલતા આવી અચેર ચાર રસ્તા થઇ રામનગર ચોક તરફ જનાર છે અને તે ઇસમો પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ કેટલાક મોબાઇલ ફોન હોવાનુ જણાય છે" વિગેરે બાતમી હકીકત આધારે સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોને સાથે રાખી હકીકતવાળી જગ્યાએ વોચ દરમ્યાન ઉપરોક્ત બાતમી હકીકતવાળા બે ઇસમો મળી આવેલ જેઓની પાસેથી મોબાઇલ ફોન નંગ-૦૨ કુલ્લે કિમત રૂપિયા ૧૮,૦૦૦/- નો મુદ્દામાલ સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે લીધેલ છે અને આ મુદ્દામાલ બાબતે તપાસ કરતાં સાબરમતી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજી. નં.૧૧૧૯૧૦૩૯૨૦૧૨૩૨ ધી ઇ.પી.કો. ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી મળી આવેલ બે ઇસમો વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી ઉપરોક્ત ગુનો ડીટેક્ટ કરવામાં આવેલ છે અને આગળની વધુ તપાસ ASI શ્રી રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ નાઓએ સંભાળેલ છે.

**સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ**

(૧) ASI રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ (૨) HC કિશોરસિંહ ભેરુસિંહ બ.નં.૮૨૯૨

(૩) HC હિરાભાઇ રૂપસિંહ બ.નં.૩૯૨૭ (૪) PC સંદીપકુમાર નટવરલાલ બ.ન.૮૭૯૮

(૫) PC મોઘજીભાઈ વિરમભાઈ બ.નં.૮૩૦૨

**પકડાયેલ આરોપીઓ :**

(૧) સુરેશભાઇ ઉર્ફે ભુરો સ/ઓ દશરથભાઇ સોલંકી ઉ.વ.૨૧ રહે. ભક્તિનગર તપોવનની ચાલી, સીટીગોલ્ડ સિનેમા સામે, મોટેરા રોડ, અમદાવાદ શહેર

(૨) રાકેશભાઇ જયંતીભાઇ ભીલ ઉ.વ.૧૯ રહે. ભીલવાસ રાજીવનગરની સામે, અચેરગામ, સાબરમતી, અમદાવાદ શહેર

**કબ્જે કરેલ મુદામાલ**

મોબાઇલ ફોન નંગ-૦૨ કુલ્લે કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-

**<u>ઈસનપુર પોલીસ સ્ટેશન :</u>**

## <u>નારોલ પોલીસ સ્ટેશનના મો.સા ચોરીના બે ગુના શોધી કાઢી મુદામાલ રીકવર કરી એક આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૪/૦૮/૨૦૨૦ ના કલાક ૧૫/૦૦ વાગે ઇસનપુર નારોલ સર્કલ ખાતેથી અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓની સયુક્ત બાતમીથી આરોપી સલમાનખાન સલીમખાન પઠાણ ઉ.વ ૨૪ રહે,બ્લોક નં ૭૫/૨૩૭૪ ગરીબ આવાસ યોજનાના મકાનમા ઉમંગ ફ્લેટની સામે સદભાવના નગર વટવા અમદાવાદ શહેર*નાને* એક હીરો સ્પેલેન્ડર પ્લસ મો.સા નંબર જી.જે-૨૭ એ.ક્યુ-૮૯૫૮ જેનો ચેચીસ નંબર ૬૪૮૩૧ તથા એન્જીન નંબર ૨૫૩૪૩ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ની તથા એક સી.ડી ડિલક્ષ મો.સા નંબર જી.જે-૨૭ સી.કે-૨૦૪૯ જેનો એ.નં-૦૦૬૨૬ તથા ચે.નં ૦૦૩૯૨ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૮૫૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી *નારોલ પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૬૫૨૦૦૭૪૩/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯* મુજબનો ગુનો શોધી કાઢેલ છે. તા.૧૫/૦૮/૨૦૨૦

## <u>આરોપીનો ગુનાહીત ઇતિહાસ</u>

(૦૧) વટવા પો.સ્ટેશન ફ.ગુર.નં ૧૦૩/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૦૨) વટવા પો.સ્ટેશન સે.ગુર.નં ૩૩૯૬/૨૦૧૬ જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ

(૦૩) વટવા પો.સ્ટેશન સે.ગુર.નં ૩૩૯૯/૨૦૧૬ જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ

(૦૪) વટવા પો.સ્ટેશન ફ.ગુર.નં ૯૯/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૦૫) દાણીલીમડા પો.સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૧૨૨૦૦૬૮૨/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

## આ કામગીરી કરનાર ટીમ

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પો.સ્ટે.માર્ગ દર્શન અને સુચના
(૨) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પો.સ્ટે.માર્ગ દર્શન અને સુચના
(૩) કે.એમ.ચાવડા પો.સબ.ઇન્સ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૪) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૫) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૬) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૭) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૮) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-
(૯) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૦) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૧) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૨) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૩) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૪) અ.પો.કો વિજયસિહ બાબુભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૫) લોકરક્ષક સચીન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૬) લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૭) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન
(૧૮) વુ.લો.ર શીતલબેન દેવજીભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન



# <u>પ્રોહીબિશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>નરોડા પોલીસ સ્ટેશન :</u>**

## <u>પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ કુલ નંગ-૧૨૭ તથા બોલેરો કાર તથા મોબાઇલ સાથે કુલ્લે મુદામાલ રૂ. ૩,૬૫,૫૦૦/- સાથે બે ઇસમને પકડતી – નરોડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો પ્રકાશભાઇ ભીખાભાઇ તથા પંકેશકુમાર ધનાભાઇ નાઓ ની સંયુકત બાતમી હકીકત આધારે બે ઇસમ નામે (૧) દિપકકુમાર હાજારામ મીણા ઉ.વ-૨૧ ધંધો-ડ્રાઇવીંગ રહે ગામ-બડલા (વડાપાલ) નીચલાફલા,તા-ખેરવાડા,જી-ઉદેપુર, રાજસ્થાન (૨) વિજયકુમાર નારાયણલાલ ખરાડી ઉ.વ-૩૦ ધંધો-વેપાર રહે ગામ-નીચલા માંડવા,વલી ફલા તા-ઋષભદેવ જી-ઉદેપુર,રાજસ્થાન નાઓ નાના ચીલોડા રીંગરોડ સર્કલ પાસે રોડ રોડ ઉપરથી ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ નંગ ૧૨૭ ની કિંમત રૂ. ૬૩,૫૦૦/- તથા બોલેરો ગાડી કિ રૂ ૩,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ. ૨૦૦૦/- ગણી કુલ્લે રૂ. ૩,૬૫,૫૦૦/- મુદ્દામાલ સાથે તા.૧૪/૦૭/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫એઇ, ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબના ગુન્હાના કામે નજર કેદ રાખી સારી કામગીરી કરેલ છે.

**<u>આરોપીનુ નામ –</u>**

(૧) દિપકકુમાર હાજારામ મીણા ઉ.વ-૨૧ ધંધો-ડ્રાઇવીંગ રહે ગામ-બડલા (વડાપાલ) નીચલાફલા,તા-ખેરવાડા,જી-ઉદેપુર, રાજસ્થાન

(૨) વિજયકુમાર નારાયણલાલ ખરાડી ઉ.વ-૩૦ ધંધો-વેપાર રહે ગામ-નીચલા માંડવા,વલી ફલા તા-ઋષભદેવ જી-ઉદેપુર,રાજસ્થાન

**<u>મુદ્દામાલ</u> –**

**<u>ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ કુલ નંગ-૧૨૭ તથા કાર તથા મોબાઇલ સાથે કુલ્લે મુદામાલ રૂ. ૩,૬૫,૫૦૦/-</u>**

## કામગીરી કરનાર કર્મચારી

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા એલ.આર ધુમકેતુ આત્મારામભાઇ બ.નં-૧૨૩૨ તથા પો.કોન્સ પંકેશકુમાર ધનાભાઇ બ.નં-૪૦૫૬ તથા પો.કોન્સ અભિષેક અશ્વિનકુમાર બ.નં.૭૦૦૫ પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં- ૧૧૮૦૯




## નરોડા પોલીસ સ્ટેશન :

## પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ નંગ-૧૩ તથા લોડીંગ રીક્ષા તથા મોબાઇલ સાથે કુલ્લે મુદામાલ રૂ. ૧,૨૮,૫૦૦/- સાથે એક ઇસમને પકડતી – નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના આધારે પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ પો.સ.ઇ. ડી.કે.મોરી તથા સાથેના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી હકીકત આધારે એક ઇસમ નામે સુરેશભાઇ મનોહરલાલ દેવનાની ઉ.વ-૩૯ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં-૧,ભાઇ પરભારામ સોસાયટી,રેલ્વે ક્રોસીંગ પાસે, કુબેરનગર,અમદાવાદ નાને નરોડા બંગ્લા બસ સ્ટેન્ડ પાસેથી તેના કબ્જાની લોડીંગ રીક્ષામા ભારતીય બનાવટની વિદેશીદારુની બોટલ નંગ ૧૩ ની કિંમત રૂ. ૨૬,૦૦૦/- તથા લોડીંગ રીક્ષા કિ રૂ ૧,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૨ કિ.રૂ. ૨,૫૦૦/- ગણી કુલ્લે રૂ. ૧,૨૮,૫૦૦/- ના મુદ્દામાલ સાથે તા.૩૦/૦૬/૨૦૨૦ ના કલાક ૧૭/૦૦ વાગે પકડી તેના વિરુધ્ધ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬બી,૬૫ એ(ઇ) ,૧૧૬(બી),૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામે નજર કેદ રાખી સારી કામગીરી કરેલ છે.

<u>આરોપીનુ નામ – (૧)</u> સુરેશભાઇ મનોહરલાલ દેવનાની ઉ.વ-૩૯ ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ રહે મ.નં-૧,ભાઇ પરભારામ સોસાયટી,રેલ્વે ક્રોસીંગ પાસે, કુબેરનગર,અમદાવાદ ( કોરોના ટેસ્ટ કરાવી હાલમા નજર કેદ રાખવામાં આવેલ છે )

<u>મુદ્દામાલ</u> –ભારતીય બનાવટની વિદેશીદારુની નાની બોટલ નંગ-૧૩ તથા લોડીંગ રીક્ષા તથા મોબાઇલ સાથે <u>કુલ્લે મુદામાલ રૂ. ૧,૨૮,૫૦૦/-</u>

<u>કામગીરી કરનાર કર્મચારી</u>

પો.સ.ઇ. ડી.કે.મોરી તથા પો.કોન્સ ધુમકેતુ આત્મારામ બ.નં.૧૨૩૨ તથા પો.કોન્સ પંકેશકુમાર ધનાભાઇ બ.નં-૪૦૫૬ તથા પો.કોન્સ પ્રદિપકુમાર રામાભાઇ બ.નં-૧૦૩૬૧





## રામોલ પોલીસ સ્ટેશનઃ-

**ઈગ્લીશ દારૂની બોટલો નંગ:૭૨ તથા ક્વાટર નંગ:૩૮૦ મળી કીમત રૂપીયા ૭૪૦૦૦/- તથા બોલેરો પીક અપ ગાડી તથા સ્પીકરો નંગ:૦૭ મળી કુલ્લે કીમત રૂપીયા ૬૭૯૦૦૦/- ના મુદ્દામાલ સાથે બોલેરો પીક અપ ગાડીમાં સ્પીકરો ની અંદર ઈગ્લીશ દારૂ ભરી દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને પકડી ઈગ્લીશ દારૂનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી રામોલ પોલીસ**

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:-૧૫/૦૮/૨૦૨૦ ના રોજ પો.સ.ઈ બી.બી.સોલંકી સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અનાર્મ લોકરક્ષક સિધ્ધરાજસિંહ નિરૂભા બ.નં.૧૦૨૭ તથા અનાર્મ લોકરક્ષક વિરાટસિંહ ગંભિરસિંહ બ.નં.૧૧૬૬૦ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ રીંગરોડ પરીશીખર એસ્ટેટ પાસે પંચો સાથે વોચ તપાસમાં રહેતા આરોપીઓ નં.૧ બ્રીજેશ ભુપેન્દ્રભાઈ પંચાલ ઉવ:૪૦ રહે:ગામ:ઈ/૧૦૪ રાધે સરણમ ફ્લેટ નુતન હાઈસ્કુલ સામે બારેજા તા:દસક્રોઈ જી:અમદાવાદ તથા નં.૨ બીલાલ જમીલભાઈ કુરેશી ઉવ:૨૩ રહે:૧૦૧ ચિરાગ એપાર્ટમેન્ટ નુરનગર વટવા અમદાવાદ શહેર નાઓ પોતાના કબજાની મહીન્દ્રા બોલેરો પીક અપ ગાડી નં. GJ.27.TT.3805 માં સાઉન્ડના સ્પીકરો માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ:૭૨ તથા ક્વાટર નંગ:૩૮૦ મળી કુલ્લે કીમત રૂપીયા ૭૪૦૦૦/- તથા પીક અપ ગાડી તથા સાઉન્ડ સ્પીકરો મળી કુલ્લે કીમત રૂપીયા ૬૭૯૦૦૦/- નો મુદ્દામાલ રાખી પકડાઈ જઈ ઈગ્લીશ દારૂ ભરી આપનાર ગુલફામ કલામુદીન કુરેશી રહે:રાજીવનગરો ટેકરો રામોલ અમદાવાદ શહેર તથા ઈગ્લીશ દારૂ મંગાવનાર બીસ્મીલા ઉર્ફે બીશા પઠાણ રહે:રાજીવનગરો ટેકરો રામોલ અમદાવાદ શહેર નાઓ નહી પકડાઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય જેઓના વિરૂધ્ધ ધી પ્રોહી કલમ ૬૬(૧)બી ૬૫(એ)(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



## પી.સી.બી.

### "એલીસબ્રીજ પોલીસ સ્ટેશનની હદમાથી બોલેરો ગાડીમા ભરેલ ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલો નંગ- ૧૬૧ કિ.રૂ.૮૧,૩૭૫/- મળી કુલ્લે રુપિયા ૨,૮૫,૬૦૫/- ના મુદામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચના આધારે તથા પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા ના માર્ગદર્શન હેઠળ તા.૧૫.૦૮.૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો.રાજેન્દ્રસિંહ જીવતસિંહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ અહેકો જગદિશ કાન્તીલાલ. તથા અહેકો શૈલેષ દેવાભાઇ વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અહેકો જગદિશ કાન્તીલાલ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે એલીસબ્રિજ પાંજરાપોળ ચાર રસ્તા થી સી.એન.તરફ જતા પ્રુડેન્ટ નામના બિલ્ડીંગ સામે જાહેર રોડ ઉપર થી બોલેરો ગાડી નંબર GJ.01.RY.3633 ને પકડી પાડી સદર ગાડીમા ઉપરના ભાગે બનાવેલ ખાનામાથી ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૧૬૧ કિ.રૂ.૮૧,૩૭૫/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કિ.રૂ.૨,૮૫,૬૦૫/- સાથે બોલેરો ગાડીના ચાલક દેવીલાલ નાથુજી કલાલ ઉ.વ.૪૨ રહે.ગામ.લોડાવલ તા.સાબલાજી જી.ડુંગરપુર રાજસ્થાન તથા તેની સાથે બેસેલ અન્ય ૨ ઈસમો ને પક્ડી લઈ તથા અન્ય ૨ ઈસમો ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી એલીસબ્રીજ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૧૪૨૦૦૫૧૫/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(૧)(બી),૯૮(૨) ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### પક્ડાયેલ આરોપીઓ :

(૧) દેવીલાલ નાથુજી કલાલ ઉ.વ.૪૨ રહે.ગામ.લોડાવલ તા.સાબલાજી જી.ડુંગરપુર રાજસ્થાન
(૨) જશવંતસિહ ભેરૂસિહ ચુડાવત ઉ.વ.૩૬ રહે. ગામ.લોડાવલ તા.સાબલાજી જી.ડુંગરપુર રાજસ્થાન
(૩) દિનેશ દેવાભાઈ મીણા ઉ.વ.૨૫ રહે.ગામ.લોડાવલ તા.સાબલાજી જી.ડુંગરપુર રાજસ્થાન

### વોન્ટેડ આરોપીઓ:

(૧) વિદેશી દારૂ ભરી આપનાર જીતુ રાજપુત (૨) વિદેશી દારૂ મંગાવનાર આર.કે. નામનો માણસ

## <u>ગુનાની જગ્યા</u> :


એલીસબ્રિજ પાંજરાપોળ ચાર રસ્તા થી સી.એન.તરફ જતા પ્રુડેન્ટ નામના બિલ્ડીંગ સામે જાહેર રોડ ઉપર

## <u>પકડાયેલ મુદામાલ</u> :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ નંગ ૧૬૧ કિ.રુ.૮૧,૩૭૫/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૧ કિ.રુ.૩૦૦૦/- (૩) અંગઝડતીના નાણા રુ.૧૨૩૦/- (૪) બોલેરો ગાડીની કિ.રુ.૨,૦૦,૦૦૦/- મળી <u>કુલ્લે મુદામાલ રુ.૨,૮૫,૬૦૫/- નો મુદામાલ</u>







# પાસા અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન :

## રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧.અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓ ના માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તાર માં દાખલ થયેલ પ્રોહીબીશનના ગુનામા પકડાયેલ આરોપી પ્રોહીની પ્રવુત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવુત્તી આચરતા પકડાયેલ ઇસમ આશીક ઉર્ફે અંકીત સ/ઓ ઇક્બાલહુસેન જાતે:-શેખ ઉ.વ.૩૩ રહે-મુસ્લીમ મહોલ્લો નરોડા ગામ્ ભાગોળની સામે નરોડા અમદાવાદ શહેર નાઓને મે. પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન /પાસા/૬૬૨/૨૦૨૦ તા.૧૩/૦૮/૨૦૨૦ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી તા-૧૪/૦૮/૨૦૨૦ ના કલાક ૧૪/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી લાજપોર જેલ સુરત ખાતે અટકાયતમાં રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

### કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હેડ કોન્સ પ્રવિણકુમાર દલસંગભાઇ બ.નં.૪૦૮૪
(૨) અ.પો.કો. શૈલેશકુમાર મહાદેવભાઇ બ.નં. ૯૭૫૪
(૩) અ.લો.ર.દિલીપભાઇ વિરજીભાઇ બ.નં.૧૧૯૪૬

**આરોપી આશીક ઉર્ફે અંકીત**



## નારોલ પોલીસ સ્ટેશન :

# મીલકત સબંધિત ગુના આચરતા આરોપીને પકડી પાસા હેઠળ લાજપોર જેલ સુરત ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નશ્રી “કે” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે. વિસ્તારમાં શરીર સબંધિત બનાવો અટકાવવા તથા આવા બનાવોમાં પકડાયેપલ આરોપી વિરૂદ્ધ અટકાયતી પગલા લેવા તેમજ આવા મીલક્ત સબંધિત ગુનાઓ સબંધેની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે શ્રી એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓએ પો.સ્ટે. વિસ્તારમાં આવા મીલકત સબંધીત અસામાજીક પ્રવુતિ આચરતા આરોપી મકસુદ સ/ઓ જીવામીયા ઉર્ફે દીવાનભાઇ જાતે કાજી ઉ.વ.૩૨ રહે. બી/૭૯ અલીફ નગર સાલેહિંદ મસ્જીદ અલીફનગર નારોલ અમદાવાદ શહેર નાની ગુનાહિત પ્રવુતિ સબબ તેના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી પો.કમિશ્રી અમદાવાદ્ શહેર ને મોકલતા પીસીબી/ડીટીએન/પાસા/૬૬૫/૨૦૨૦ તા.૧૪/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર આરોપીને આજરોજ તારીખ.૧૪/૦૮/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરાવામાં આવેલ છે. તા.૧૪/૦૮/૨૦૨૦

## સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીનું નામ :

**(૧) એસ.એ.ગોહિલ પોલીસ ઇન્સપેકટર નારોલ પો.સ્ટે. (૨) અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા (૩) પો.કો.દિપેનકુમાર મનુભાઇ બ.ન.૬૦૮૦ (૪) પો.કો.રામનરેશભાઇ રામદાસ બ.ન.૫૩૪૪**



# "શી" ટીમની કામગીરી

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

## ઘરેથી કહ્યા વગર નિકળી ગયેલ બહેન ને તેના વાલી વારસને સહી સલામત પરત સોંપતી શાહીબાગ સી ટીમ

એક બહેન નામે નિમિષા ડો/ઓફ વિનોદરાય સોલંકી (દરજી) ઉ.વ.૨૦ રહે: મેઇન બજાર ચિતલ નાગરીક બેંક પાસે તા.જી.અમરેલી નાની ગઇ તા.૦૯/૦૮/૨૦૨૦ ના રોજ પોતાના ઘરેથી સાડા દશેક વાગ્યાના સુમારે ઘરના સભ્યોને મંદિરમા દર્શન જવાનુ કહી ઘરેથી નિકળેલી ત્યારબાદ આ નિમિષા બહેન અમદાવાદ ઠકકરનગર ચાર રસ્તા ઉતરેલી અને ત્યા બે ભાન થઇ જતા ત્યાથી તેને સિવિલ હોસ્પિટલ લઇ આવતા અને ત્યા પ્રાથમિક સારવાર કર્યા બાદ સખી વન સ્ટોપ માં લઇ ગયેલ ત્યારબાદ શાહીબાગ આશ્રય ગૃહ શાહીબાગ ને સોંપેલ ત્યારબાદ નિમિષા બહેન ને શાહીબાગ સી ટીમ ને સોંપેલ અને સી ટીમ ના માણસોએ આ નિમિષા બહેનના વાલી વારસની તપાસ કરી તેમના ભાઇ દિવ્યેશ ભાઇ વિનોદરાય દરજી નો સંપર્ક કરી નિમિષાનો બહેનનો કબ્જો આજરોજ તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ તેમના ભાઇ દિવ્યેશ ભાઇને સોંપી સારી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૬ લીટર દેશી દારૂ, ૪૩૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૪૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૦,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૭૪/૨૦૨૦**

**વાડજઃ** અંકિત લલીતભાઈ શાહ (ઉ.વ.૩૦) (રહે. ગ્રીન સિટી નિર્ણયનગર નવા વાડજ) એ તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અંકિત શાહ ભુયંગદેવ ફોનીક્સ ફાર્માસી નામની મેડિકલ સ્ટોર ધરાવતા હોઈ તા.૧૮/૦૪/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૬૨૯૧૬૪૨૦૪૨ ના ધારકે પીપીઈ કીટ મોકલવા બાબતે ફોન કરી આઈએમપીએસ દ્રારા તથા ગુગલ પે દ્રારા રૂપિયા ૫૬,૬૩૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી પીપીઈ કીટ નહી મોકલાવી બ્યુડાર્ટ કુરીયર નામે છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એચ.સોલંકી ચલાવે છે.

**રામોલઃ** જીજ્ઞેશભાઇ ગીરીશભાઇ આસોંદરીયા (ઉ.વ.૨૮) (રહે. દેવનંદન સુપ્રીમ્સ શ્રી શરણ ફ્લેટની બાજુમા વસ્ત્રાલ) એ તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૦ થી તા.૨૬/૦૮/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર ૭૦૮૨૬૮૬૩૪૫ ના ધારકે સોફા ખરીદવાનુ કહી વિશ્વાસ કેળવી જીજ્ઞેશભાઈના પત્નીના ખાતામાંથી રૂપિયા ૧૩,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૧૩૭૫/૨૦૨૦**

કૃષ્ણનગરઃ પ્રદીપભાઇ મુરલીધર સૈજવાણી (ઉ.વ.૫૬) (રહે. શ્રીરામ બંગ્લોઝ મેવાડા પાર્ટી પ્લોટ સામે શ્રી રામ ચોક કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૦ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે મેવાડા પાર્ટી પ્લોટના ગેટ નં.૨ ની આગળ ભવાની ચોક બાજુ જવાના રોડ પર એક્સીસ સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ પ્રદિપભાઈ સૈજવાણીની નજર ચુકવી પ્રદીપભાઇના પેન્ટના ખીસામાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહિલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૬/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** જયંતિભાઇ ભલાભાઇ પંચાલ (રહે. ભાગ્યલક્ષ્મી રો-હાઉસ ભાવિક સ્કુલ પાસે ચાંદલોડિયા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૦ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સમતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૮/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

**રાણીપઃ** ભાવનાબહેન ડો/ઓફ પરષોત્તમભાઇ ઝાલા (ઉ.વ.૩૬) (રહે.ભાલનગર સોસાયટી લીથોપ્રેસ ક્વાટરર્સ સામે રાણીપ) ના છ માસ પહેલા છુટાછેડા થતા બાળકોનો કબજો પતિ પાસે હોઈ માનસીક તણાવમાં આવી તા.૧૪/૦૮/૨૦૨૦ કલાક ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઘરમાં લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભાવિનભાઇ મનસુખભાઇ ચલાવે છે.

**માધવપુરાઃ** પ્રવિણભાઇ લક્ષ્મણભાઇ બોડાણા (ઉ.વ.૨૭) (રહે. ઝંડા ચોક મ્યુનિસિપલ સ્ટાફ ક્વાટર્સ નંબર ૫૪/૦૩ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૦ સાજના ૭/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ ગોરાભાઈ ચલાવે છે.

સરખેજઃ સરખેજ સાણંદ સરખેજ હાઈવે ક્રીષ્ણ કોમ્પલેક્ષ રત્નદીપ હોટલમાં કામ કરતા શંકજી રત્નાજી પટેલ (મુળ ગામ-બાદથલા તા-સેમારી જી-ઉદેપુર (રાજસ્થાન)) પાસે છેલ્લા એક અઠવાડીયાથી રાજસ્થાનથી આવેલ તેમના પુત્ર દેવીલાલ શંકજી પટેલ (ઉ.વ.૨૦) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૦ રાતના ૧૧/૦૦ થી તા.૧૪/૦૮/૨૦૨૦ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન રત્નદીપ હોટલ રૂમ નંબર-૩૦૨ ખાતે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**ગોમતીપુરઃ** અશોકકુમાર ચિમનભાઇ રાઠોડ (રહે. શેઠ કોઠાવાળા વોરાની ચાલી ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૮/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી